# <u>ડાંગર સંશોધન કેન્દ્ર, આકૃયુ, ડભોઈ ખાતે ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું</u>

ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ ખાતે  તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ ખેડૂત શિબિરનું આયોજન માન. કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. જેમા કુલ ૩૮ જેટલા ખેડૂત ભાઈ અને બહેનોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી ડી. કે. રાઠવા, એગ્રીકલ્ચર ઓફીસરે કાર્યક્રમમાં આમંત્રિત સર્વેનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

અત્રેની કચેરીના વડા શ્રી એ. જી. પંપાણીયાએ ખેડૂતોને ડાંગરની અલગ અલગ જાતો વિશે જી. એ. આર. ૧૩, જી. આર. ૨૧ અને ગુર્જરી જાતો વિશે મહિતી આપી તથા તેનુ વાવેતર કરવા સમજાવી કેન્દ્ર ખાતેની કામગીરીથી ખેડૂત ભાઈ બહેનોને અવગત કરાવ્યા હતાં.

સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત સિનિયર રિસર્ચ ફેલો, ડૉ. વિપુલ એન. રૈયાણીએ ખેડૂત ભાઈ બહેનોને ડાંગરની આધુનિક ખેતી પદ્ધતિ, ડાંગરના પાકમાં નિંદણ વ્યવસ્થાપન તેમજ આધુનીક ખેતી પદ્ધતિ વિશે સપુંર્ણ માહીતી આપી અને કેવી રીતે ઉત્પાદન વધે તેના વિશે અવગત કરાવ્યા હતા.

એગ્રીકલ્ચર ઓફીસર, શ્રી ધનસિંગ રાઠવાએ ડાંગરના પાકમાં પાણી નુ વ્યવસ્થાપન કેવી રીતે કરાય તેના વિશે ખેડૂત ભાઈ બહેનોને જાણકારી આપી હતી.

